# સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓની સુરક્ષાના હેતુ માટે લગાવવામાં આવેલ સી.સી.ટી.વી. સિસ્ટમની

## STANDARD OPERATING PROCEDURE (SOP)

1. સી.સી.ટી.વી. સિસ્ટમમાં સી.સી.ટી.વી કેમેરા, વાયરીંગ, પાઇપ, મોનિટર, N.V.R. તેમજ આનુષંગિક તમામ સાધનોનો સમાવેશ કરવાનો રહેશે.
2. સી.સી.ટી.વી. સિસ્ટમના સુપરવીઝનની કામગીરી સરકારી છાત્રાલયોમાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીએ અને આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્યશ્રીએ અથવા જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) દ્વારા અધિકૃત કરેલ અધિકારી/કર્મચારીએ કરવાની રહેશે.
3. સી.સી.ટી.વી. કેમેરાના મોનિટરિંગ રૂમમાં અધિકૃત અધિકારી/કર્મચારી સિવાય અન્ય કોઇ પણ વ્યક્તિ પ્રવેશ કરી શકશે નહિ.
4. સી.સી.ટી.વી. સિસ્ટમ કાર્યરત અવસ્થામાં છે કે કેમ? તે અંગે દૈનિક ચકાસણી તથા સી.સી.ટી.વી. સિસ્ટમનું દૈનિક મોનીટરીંગ કરવાની જવાબદારી સરકારી છાત્રાલયના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી અને આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રીની રહેશે.
5. કોઈ પણ કારણોસર સી.સી.ટી.વી. સિસ્ટમ બંધ અવસ્થામાં માલુમ પડે તો તેને સરકારી છાત્રાલય/ આદર્શ નિવાસી શાળા ખાતે જે સંસ્થા-દ્વારા સી.સી.ટી.વી. કેમેરા ઈન્સ્ટોલેશન થયેલ હોય તે સંસ્થા સાથે થયેલ કરાર મુજબ કામગીરી કરવાની રહેશે અને સી.સી.ટી.વી. કેમેરા તાત્કાલિક રીપેરીંગ કરાવાના રહેશે.
6. સરકારી છાત્રાલયના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીએ અને આદર્શ નિવાસી શાળાના શાળાના આચાર્યશ્રીએ સી.સી.ટી.વી. સિસ્ટમની વોરંટી પૂર્ણ થયાના છ માસ પહેલા જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) મારફત વડી કચેરીએ જાણ કરવાની રહેશે અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની સૂચના મુજબ નવેસરથી મેઈન્ટેનન્સના કરાર કરવાની કાર્યવાહી હાથ ધરી શકાય.
7. સુરક્ષા (સિક્યુરીટી)ના હેતુ માટે કરવામાં આવતુ સી.સી.ટી.વી. સિસ્ટમનું મોનિટરિંગ વ્યવસાયિક, નૈતિક તેમજ કાયદાકીય રીતે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
8. સી.સી.ટી.વી. સિસ્ટમના રેકર્ડ તેમજ ડેટામાંથી જરૂરીયાત જણાયે ફુટેજ મેળવવા માટે જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) ની મંજૂરી મેળવવાની રહેશે.
9. સી.સી.ટી.વી. સિસ્ટમના આધારે મળેલ માહિતીનો ઉપયોગ સલામતી, સુરક્ષા, હાજરી-ગેરહાજરી તેમજ અન્ય સમસ્યાના નિવારણ માટે જ કરી શકાશે.
10. સી.સી.ટી.વી. સિસ્ટમના આધારે મળેલ માહિતીને ગોપનીય રાખવાની રહેશે તેમજ આ માહિતી લિક ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. સી.સી.ટી.વી. સિસ્ટમના રેકર્ડની કોઈ પણ પ્રકારની માહિતી લિક થશે તો તેની સંપુર્ણ જવાબદારી શાળા/છાત્રાલયના સક્ષમ અધિકારીશ્રીની રહેશે.

11. સી.સી.ટી.વી. સિસ્ટમના રેકર્ડ તેમજ ડેટા ૦૩(ત્રણ) માસ સુધી સાચવવાના રહેશે.

12. સરકારી છાત્રાલય/આદર્શ નિવાસી શાળામાં કોઈ પણ પ્રકારનો અણબનાવ બને તો તેની નોંધ સી.સી.ટી.વી. સિસ્ટમના આધારે તારીખ અને સમય સાથે રજીસ્ટરમાં કરવાની રહેશે.

13. દર માસે શાળા/છાત્રાલયના જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) દ્વારા રૂબરૂ સી.સી.ટી.વી. કેમેરાનું મોનિટરીંગ કરવાનું રહેશે તથા તેની નોંધ રજીસ્ટરમાં કરવાની રહેશે.

14. સી.સી.ટી.વી. સિસ્ટમની સમીક્ષાનો સમાવેશ કાયમી એજન્ડા તરીકે સરકારી છાત્રાલય/આદર્શ નિવાસી શાળાના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી/આચાર્યશ્રીની બેઠકમાં કરવાનો રહેશે.

15. સી.સી.ટી.વી. સિસ્ટમની સાફ-સફાઈ દર ૧૫ દિવસે એક વાર થાય તેની તકેદારી રાખવાની રહેશે.

16. ઉપરોક્ત તમામ બાબતો સિવાય સી.સી.ટી.વી. સિસ્ટમનું સંચાલન, મેઈન્ટેનન્સ તેમજ રીપેરિંગ ટેન્ડરની શરતો મુજબ થાય તેની તકેદારી રાખવાની રહેશે.

17. આ અંગે કોઈ ફરીયાદ કે રજુઆત કરવા માંગતા હોય તો જિલ્લાધિકારીશ્રીને સીધી રજુઆત કરવાની રહેશે. જિલ્લાધિકારીશ્રીએ રજુઆતની સત્યતા ચકાસી, નિયમોનુસાર કાર્યવાહી કરી, જરૂર જણાયે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સહ અહેવાલ રજુ કરવાનો રહેશે.

( એન.એ.નિનામા IAS )
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

F:\SOP\DCW CCTV SOP 1.docx